# ગુજરાત લેક્સીકોન ડોટ કોમ

શ્રીમતી ધીરુબહેન પટેલ

આપણી ગુજરાતી ભાષા એટલે આપણી મહામૂલી મિરાત - એવું હતભાગી કોણ હશે કે જેને પોતાની માતૃભાષા પ્રત્યે, માતૃભૂમિ પ્રત્યે કે મા પ્રત્યે સ્નેહ અને આદર નહીં હોય? પ્રશ્નનો જવાબ ઢૂંઢવા અંતરના ખૂણા ઢંઢોળશો નહીં. આપણે સૌ જાણીએ છીએ કે નવા જમાનામાં નવી સમસ્યાઓ ઊભી થઈ છે. આપણી સમક્ષ નવા અને પ્રેરક આદર્શો મૂકવામાં આવ્યા છે. એમાંનો એક તે વિશ્વમાનવ બનવાની વાત.

આમ જોવા જાઓ તો વાત કંઈ ખોટી નથી. માણસની ચેતનાનો જેટલો વિસ્તાર થાય અને તે જેટલી ઊર્ધ્વગામી બને તેટલું વધારે સારું. પણ ભલા ભાઈ, વૃક્ષ આકાશને ક્યારે સ્પર્શે? તેનાં મૂળિયાં જેટલાં ઊંડાં અને મજબૂત હોય તેટલું જ તે વૃક્ષ ઊંચું વધે. આપણે તો વૃક્ષને તેની ભૂમિથી વિખૂટું પાડીને આકાશમાં લઈ જવાનો મહાયજ્ઞ આદર્યો છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે જેનું સ્થાનાંતર થાય છે તે તો ઇમારતી લાકડાં - વૃક્ષ નહીં.

હજી એ દિવસ મને યાદ છે કે જ્યારે એક દસબાર વર્ષની કિશોરી થનગનતા પગને માંડ કાબૂમા રાખીને સામે આવીને ઊભી હતી. એ કહેતી હતી, 'ધીરુબહેન ધીરુબહેન, મને પોએટ્રી આવી છે - પ્લીઝ, પ્લીઝ, હેલ્પ મી - હું બોલું છું તે તમે લખી આપો ને!'

મુશ્કેલી એ હતી કે એને ગુજરાતી લખતાં કે વાંચતાં નહોતું આવડતું. ત્રણ પેઢીથી જેના ઘરમાં અંગ્રેજી છવાઈ ગયું હતું એવી આ તેજસ્વી છોકરીને આજે 'પોએટ્રી' આવી હતી, પણ તે ગુજરાતીમાં. એ અંગ્રેજીમાં જ શા સારું નથી લખતી એમ મેં પૂછ્યું ત્યારે એણે ત્રાસ પામીને કહ્યું, 'વ્હાય કાન્ય યુ અન્ડરસ્ટેન્ડ ?' આઈ કેન થિન્ક ઇન ઇંગ્લિશ બટ ફીલ ઓન્લી ઇન ગુજરાતી !'

આ એક વિરલ પ્રસંગ હશે. મને એનું કાવ્ય લિપિબદ્ધ કરવાનો અવસર મળ્યો પણ અનેક પ્રશ્નો મૂકતો ગયો. કાવ્ય કોઈ બૌદ્ધિક કસરતમાંથી નથી નીપજતું. એ તો આવે છે - ક્યાંકથી, અને આપણી ભાષા પાત્રમાં એને ઝીલવાનું હોય છે. આપણાં બાળકોને એમની નૈસર્ગિક અભિવ્યક્તિથી વંચિત શી રીતે રાખી શકીએ ?

પણ આપણે એ જ કરીએ છીએ. આપણને ખ્યાલન જ નથી આવતો કે જ્યારે આપણી ભાષા જાય છે ત્યારે આપણો સાંસ્કૃતિક વારસો પણ આપોઆપ જતો રહે છે, એ વારસો એટલે માત્ર ઐતિહાસિક માહિતી નહીં, આપણાં જીવનમૂલ્યો, એવું નથી કે આપણે પ્રયત્ન કરવાથી એ પાછો ન મેળવી શકીએ. કદાચ અંગ્રેજી ભાષા દ્વારા આપણને એ વધારે અદ્યતન અને વ્યવસ્થિત સ્વરૂપે પણ મળે પણ એ બધું તો હિલ સ્ટેશને હવા ખાવા જેવું થાય. કેટલાને પોસાય ?

આ બધો બળાપો નિરર્થક લાગે છે? એક વ્યક્તિને નથી લાગ્યો.' હાય ! મારી ગુજરાતી ભાષા મરવા પડી ! હવે આપણે શું કરીશું ? એવું બોલીને સામસામા રૂમાલની આપલે કરવાને બદલે એને લાગ્યું કે નવો જમાનો આવી જ ચૂક્યો છે ત્યારે એનાથી મોં મરડવાને બદલે એની સાથે હાથ મેળવવા જોઈએ. એની જ મદદ લઈને ગુજરાતી ભાષાને અભયદાન આપવું જોઈએ

અને (કોમ્પ્યૂટરી લેક્સીકોનથી) એના આયુષ્યમાં વૃદ્ધિ કરવી જોઈએ.

એ વ્યક્તિ તે રતિલાલ ચંદરયા. મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતી ભાષામાં ઉતારેલું રવીન્દ્રનાથ ટાગોરનું પ્રખ્યાત ગીત 'તારી જો હાક સૂણી કોઈ ના આવે તો એકલો જાને રે' એમણે વાંચ્યું હશે કે નહી તેની મને ખબર નથી પણ એમણે તે જીવનમાં ઉતાર્યું છે એ હું જાણું છું અને આપ સૌ આજે જાણશો. આવતી કાલે આખું ગુજરાત જાણશે અને માત્ર ગુજરાતમાં જ નહીં, આખી દુનિયામાં ફેલાયેલા ગુજરાતીઓ રતિલાલ ચંદરયાના આભારી થશે કે એમના પુરુષાર્થ દ્વારા એ સૌને અને ભાવિ પેઢીઓને ગુજરાતી ભાષા સુલભ બની.

ગમે તેમ તોયે આ વેપારી માણસ. લેખકોને અને અધ્યાપકોને ન સૂઝે તે એમને તરત સૂઝે કે આપણો માલ ખવાવવો હોય તો એનું પેકેજિંગ અને માર્કેટિંગ કઈ રીતે કરવું જોઈએ. આ કમ્પ્યૂટરનો જમાનો છે, ઑલ રાઈટ ! આ અંગ્રેજી ભાષાના વર્ચસ્વનો જમાનો છે. ઑલ રાઈટ ! આપણે ગુજરાતી ભાષાને જિવાડવી હોય, સર્વસુલભ કરવી હોય તો આ બન્ને દેખીતી રૂપે વિઘ્ન લાગતાં તત્ત્વો મારફત જ કરવી જોઈએ. માણસ દુનિયાને ગમે તે ખૂણે બેઠો હોય પણ એક બટન દબાવે કે એને ગુજરાતીનો જે શબ્દ જોઈતો હોય તે અર્થ સહિત સાચી જોડણીમાં મળી જાય. એને લગતા સમાનાર્થી અને વિરોધી શબ્દો જોઈતા હોય તોયે ક્ષણવારમાં જ મળી જાય. 'કમ્પ્યૂટરસેવી' નવી પેઢી લગી પહોંચવું હોય તો આજે આ જ એકમાત્ર રાજમાર્ગ છે અને આપણે બાંધવો જોઈએ. અને રતિલાલ ચંદરયાએ બાંધી બતાવ્યો. વૃદ્ધાવસ્થાને વખોડનારાઓ કે દયાની નજરે જોનારાઓ રતિલાલ ચંદરયાની જન્મતારીખ જાણે તો આશ્ચર્યચકિત થઈ જાય. સ્વપ્નસિદ્ધિના આ પ્રસંગે સાક્ષી બનનારાં આપણે સૌ ગુજરાતી ભાષાના ઇતિહાસના એક માર્ગસ્તંભ સમીપ ઊભાં છીએ એનો કદાચ આપણને અત્યારે પૂરેપૂરો ખ્યાલ ન આવે પણ વાસ્તવિક એ જ છે.

પોતાની માતૃભાષા પ્રત્યેના પ્રેમનો કેવો દીપક એમના હૈયામાં પ્રગટ્યો હશે કે વીસ વીસ વરસ લગી સફળતાનું નીલપંખી એમની પાસે આવી આવીને ઊડી જતું જોવા છતાં ન તો રતિભાઈ નિરાશ થયા કે ન એમણે એમના પ્રયત્નો પડતા મૂક્યા ! આવી લગનનું ફળ આપ્યા વિના સરસ્વતી માનોયે છૂટકો નહીં, જેમ ત્રણ પેઢીઓના તપને અંતે ભગીરથ પર રીઝ્યા વિન ગંગામાતનોયે છૂટકો નહોતો થયો. વળી બીજું એ જોવાનું છે કે ભગીરથના પૂર્વજોના ઉદ્ધાર કર્યા પછી પણ વિષ્ણુના ચરણમાંથી નીસરેલી અને શિવજીની જટામાં ઝિલાયેલી આ દેવનદી પાછી નહોતી વળી ગઈ. એ તો વહેતી જ રહી, લાખોનું ઐહિક અને આધ્યાત્મિક કલ્યાણ કરતી રહી અને અંતે સાગરમાં સમાઈ ગઈ. તેવી જ રીતે આ વિદેશી નામ સાથે ઊતરેલી જ્ઞાનગંગા પણ સદા વહેતી જ રહેવાની છે અને ચંદરયા કુટુંબને તો આર્થિક લાભનો પડછાયો પણ ન અડે એવી નિર્મળતાથી તમામ ગુજરાતીઓને અને ગુજરાતી શીખવવા ઇચ્છતા બિનગુજરાતીઓને સહેલાઈથી સફળતાનાં સોપાનો લગી લઈ જવાની છે.

સૌથી વધારે આનંદની વાત એ છે કે આમાં બધા સુધારાવધારા ઉમેરાને પૂરેપૂરો અવકાશ છે. જે વિદ્વાનોને આ વેબસાઈટમાં કશી ઉણપો દેખાય તેઓ જો ધ્યાન ખેંચશે તો આમાં ફેરફાર થઈ શકશે. લોકબોલીના શબ્દો પણ ઉમેરી શકાય - જો કોઈ રસ લે તો.

એ શબ્દો કેવા સરસ અને જાણવા જેવા છે તેનો પરિચય મને નાનપણથી થતો આવ્યો

છે. આપણી વિકેટ ધડાકા બંધ ઊડી ગઈ !

આ સદા જીવંત સદા નૂતન મનોહર ગુજરાતી ભાષામાં એવા તો કેટલાયે શબ્દો હશે જે આપણે નહીં જાણતા હોઈએ અને જે બિનવપરાશને લીધે ક્ષીણ થઈ ખરી પડતા હશે. બીજો એવો એક શબ્દ યાદ આવે છે - શિયાળામાં બપોરે ભોજન કરી લીધા પછી ફરમાન આવે, ‘જાઓ, હવે રહણે બેસો.’ ત્યારેય મુશ્કેલી નડે. ખાટલો પરસાળ રવેશી ખડકી ઓરડો એ બધું તો સમજાય પણ આ રહણ શું હશે ? શા માટે ત્યાં જ જઈને બેસવું પડે ? **પૂછતાં પંડિત નીપજે ને લખતાં લોહિયો થાય - ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય** એ પંક્તિઓ યાદ હતી એટલે કોઈને પૂછતાં સમજ પડી કે રહણ એટલે તડકો. શિયાળાનો મીઠો તડકો તો શરીરને રસાયણનું કામ આપે એવા અર્થવિસ્તારનું પ્રાગટ્ય થતાં દિલ ખુશ થઈ ગયું હતું. આહા ! કેવી સમૃદ્ધ છે મારી વહાલી ગુજરાતી ભાષા !

તમને બધાંને અને ભવિષ્યમાં આ વેબસાઈટનો ઉપયોગ કરનાર તમામન મારી વિનંતી છે કે જ્યાં જ્યાં તમને આવા અર્થસભર ગુજરાતી શબ્દો જડે ત્યાંથી એમને વીણી લેજો અને અહીં એમનો ઉમેરો કરજો. બાકી બીજી ચાલુ વપરાશની ભારતીય અને બિનભારતીય ભાષાઓના કેટલાય શબ્દો તો આપણને ખ્યાલ પણ ન આવે એટલી સહેલાઈથી આપણા ભાષાભંડોળમાં પ્રવેશી ચૂક્યા છે અને તેથી ગુજરાતી ભાષા અભડાઈ નથી ગઈ, વધારે સમૃદ્ધ બની છે.

જોકે પંડિતો કદાચ ભાષાશુદ્ધિના આગ્રહી હોઈ આવા બધા આદાનપ્રદાનથી દૂર રહેવું હિતાવહ સમજે પણ જગતની કઈ ભાષાએ પંડિતોની પરવા કરી છે ?

(ગુજરાત લેક્સીકોન ડોટ કોમના લોકાર્પણ સમારોહમાં વ્યક્ત કરેલા વિચારોમાંથી)

□